શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૭ • અંક : ૦૭
જુલાઈ : ૨૦૨૫

રથયાત્રા મહોત્સવમાં ઉપસ્થિત પૂજ્ય સંતો તથા મુખ્યમંત્રીશ્રી, અમદાવાદ ગુરુકુલ



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર યુ.કે. દ્વારા આયોજિત હિન્દુ લાઈફ સ્ટાઈલ સેમિનારમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, સંતો-મહાનુભાવો તથા સેમિનાર દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરનારા બાળકો, યુવાનો, દીકરીઓ - લંડન

પૂજ્ય સ્વામીજીનાં સાનિધ્યમાં સેન્ટ એન્ડ્રુસ ચર્ચ ખાતે યોજાયેલ સત્સંગ સભામાં ઉપસ્થિત વિદેશી મહોમાનશ્રીઓ, લંડન

પૂજ્ય સ્વામીજીનાં વ્યાસાસને આયોજિત શ્રીમદ્ ભાગવત કથામાં ઉપસ્થિત યજમાનશ્રીઓ તથા અન્ય ભક્તો, બોલ્ટન - યુ.કે.

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા તથા વિદ્યાર્થીઓની સભામાં ઉપસ્થિત વિવિધ ગામડાઓના ભક્તજનો

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

વર્ષ-૧૭, જુલાઈ : ૨૦૨૫, અંક : ૦૭

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

મારા નેણાં લોભાણાં....

માણકી છે ઘોડી ને મોતીડે જડાવ,
અલબેલોજી અસવાર રે, મારા નેણાં લોભાણાં....
મણીનો છે મોરડો જરીનાં પલાણ;
રતન જડીત કોટે હાર રે...નિરખી
રતન જડીત શિર શોભે કલંગી;
મોતીડે ગુંથી કેશવાળી રે...નિરખી
રતને જડીત શોભે સુંદર લગામ,
હરિવરના હાથમાં મેં ભાળી રે...નિરખી
પચરંગી પાટીનો જેર બંધ કશિયો;
પેંગડે રતન જડિયા રે...નિરખી
રતન જડિત ડુમચીની રે શોભા;
રતન ઝાંઝર ઝણકાર રે...નિરખી
ચંચળ છે ઘોડી ને ચતુર અસવાર રે;
જોઈને ચકિત નરનાર રે...નિરખી
જાનૈયા યુથમાં શોભે સુદરવર;
શામળીયો શિરદાર રે...નિરખી
ઉડુગણમાં જેમ શોભે ઉડુપતિ;
એમ શોભે અલબેલો રે...નિરખી
પ્રેમાનંદ કહે પ્રભુ આવ્યા બજારે,
સુંદરવર રંગ છેલો રે....નિરખી

અનુક્રમણિકા

૧.	પુરાણોમાં વ્રતો અને મનોવિજ્ઞાન	૦૪
૨.	માનવજીવનની મૂળભૂત સમસ્યા	૦૬
૩.	ચાતુર્માસ : વિશ્લેષણ	૦૯
૧૦.	સત્સંગ કિવઝ	૧૪
૧૧.	સમાચાર દર્શન	૧૫

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

પુરાણોના વ્રતો અને મનોવિજ્ઞાન

- સ્વામી માધવપ્રિયદાસ

પુરાણોમાં અનેક દેવી-દેવતાઓના વ્રતો છે. માણસની બુદ્ધિ ગોથાં ખાઈ જાય અને આજના માણસને અશ્રદ્ધા ઉત્પન્ન થાય એવી અનેક કથાઓ છે. આ વ્રતો અને વિધિ-વિધાનો પાછળ કોઈ ગજબનું મનોવિજ્ઞાન છે જેને સકારાત્મક રીતે સમજી લેવાની જરુર છે.

અનાદિકાળથી માનવજાત અદૃશ્ય શક્તિમાં આસ્થા ધરાવતી આવે છે.

માનવ મન સફળતા માટે અદૃશ્ય શક્તિનો સહારો શોધે છે.

નિષ્ફળતાને પાર કરવા અદૃશ્ય શક્તિનો આધાર શોધે છે.

મંગળ અને ગુરુના ગ્રહો ઉપર જીવનનાં અસ્તિત્ત્વની સાબિતિ માટે બેક્ટેરિયાની તલાશ કરતો માનવ અદૃશ્ય શક્તિના અસ્તિત્વને શોધી શક્યો નથી.

અનેક જાતની અંધશ્રદ્ધા અને વહેમોની વણઝાર વચ્ચે પણ માનવની અદૃશ્ય શક્તિની શોધ જારી છે.

વિશ્વનો કોઈ સમાજ કે ધર્મ આ માન્યતાથી મુક્ત નથી. નાસ્તિકમાં નાસ્તિક માણસ પણ અણીના સમયે અદૃશ્ય શક્તિને શરણે ગયા સિવાય રહી શકતો નથી.

આજના ઝડપી યુગમાં માણસ જલ્દીથી સફળ થાય



છે, જલ્દીથી નિષ્ફળ થાય છે.

સફળતામાં એ મદમત્ત બને છે અને નિષ્ફળતામાં ભયંકર હતાશા અનુભવે છે.

આ બન્ને પ્રકારની સ્થિતિ એક પ્રકારનો માનસિક રોગ છે.

હતાશા અને હતાશાને લીધે ઉદ્‌ભવતા રોગોને મનોવૈજ્ઞાનિક જાણે છે, પરંતુ સફળતાને લીધે ઉત્પન્ન થતા 'મદ'ના રોગોની દવા તો ગણ્યા-ગાંઠ્યા પાસે જ મળશે.

માનવનું મન જ્યારે ચારે બાજુથી નિરાશા અનુભવે છે, ત્યારે એ અલૌકિક સહારાઓને શોધે છે.

એ અલૌકિક આધારોથી એના નિરાશ અને હતાશ મનને ભારે આશ્વાસન મળે છે. મનને આત્મબળથી ભરે છે, પરિણામે મનને મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી પાર ઊતરવાનું બળ અને માર્ગ મળે છે.

આશ્ચર્યની વાત એ છે કે અદૃશ્ય શક્તિની આસ્થા અને પ્રાર્થના એના મનોરથને પૂર્ણ કરે છે અને અનેક પ્રકારના મનોરોગોથી મુક્ત કરે છે.

પુરાણોની વ્રતકથાઓને આ સંદર્ભમાં મૂલવવની જોઈએ.

દેવી-દેવતાઓને નામે અંધશ્રદ્ધાને પ્રોત્સાહન ન અપાય, સાથોસાથ સાત્ત્વિક શ્રદ્ધાની અવગણના પણ ન કરી શકાય.

આપણે જે લોકનો અનુભવ કરીએ છીએ એથી પાર પણ દૈવી અને સૂક્ષ્મ આત્માઓના લોક વસે છે. એ વાત આજે નહીં તો કાલે માનવજાતે સ્વીકારવી જ પડશે.

આનો અર્થ એ નથી કે માનવજાત પુરુષાર્થોને છોડી માત્ર અદૃષ્ટને આધારે જીવે, વ્રતોના જંગલોમાં અટવાઈ જાય. સાથોસાથ ન કલ્પી શકાય એ રીતે પ્રાપ્ત થતી અલૌકિક સહાયની વાત પણ અવગણી શકીએ એમ નથી.

'લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે' એ ન્યાયે મનોરોગીઓ હોય ત્યાં એનો ગેરલાભ ઉઠાવનારા પણ એટલા જ હોય.

આજની એકવીસમી સદીમાં પણ ભૂવાઓ ધૂણે છે.

તાવીજો અને માદળિયા આપનારાઓનો પાર નથી.

જ્યોતિષને નામે અને તાંત્રિક વિધિઓને નામે પણ છેતરનારાઓનો પાર નથી.

મારી દૃષ્ટિએ માનવજાતે નાની નાની આસ્થાઓને છોડી એક મહાન પરમ સત્તામાં આસ્થા જોડવી જોઈએ.

મુશ્કેલીના સમયમાં આડાઅવળા ઢોંગ-ધતીંગથી ભરેલા ઉપાયો યોજવા કરતાં પરમેશ્વરની પ્રાર્થના અને જપ ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. પરમેશ્વરની પ્રાર્થના અને પરમેશ્વરમાં આસ્થા સફળતામાં માણસને છકવા નહીં દે અને નિષ્ફળતામાં તૂટવા નહીં દે.

પુરાણોનાં વ્રતો પાછળ પણ અસલી આશય તો આ જ છે. પુરાણોનાં વ્રતોએ હજારો ભાંગેલા મનને ફરીથી ઉત્સાહથી અભરે ભરવાનું કામ કર્યું છે.

ભાગવતજીના ચતુર્થ સ્કંધમાં મહારાજ પ્રાચીનબર્હિ અને નારદજીનો સંવાદ તેમજ પુરંજન રાજાનું આખ્યાન વિચારવા જેવાં છે.

રજોગુણી-તમોગુણી માણસોની શ્રદ્ધાને પુરાણો બહુ કુશળતાપૂર્વક સાત્ત્વિક શ્રદ્ધા તરફ વાળે છે. નાનાં બાળકને મા સીડીએ ચઢાવે એમ રજોગુણી-તમોગુણી માણસોને પુરાણો નાના-મોટા દેવી-દેવતાઓના પિંડમાંથી છોડાવી સર્વ દેવોના દેવ એકમાત્ર પરમેશ્વરમાં જ આસ્થા રાખવાની અને એમની જ પ્રાર્થના કરવાની રીત શીખવે છે.

પુરાણો એટલે અગ્નિબીજોનો ખજાનો !

આજના જમાનામાં પુરાણોનો મહિમા કહેવો જરા વિચિત્ર લાગે ! આપણાં માનસમાં પુરાણો વિષે ઘણા પૂર્વગ્રહો છે,

'પુરાણો એટલે ગપ્પાં શાસ્ત્ર !'

'પુરાણોમાં સાર ઓછો અને વિસ્તાર વધુ !'

'પુરાણો ઐતિહાસિક નથી !'

'નવરા માણસોએ સમય પસાર કરવા માટે સારામાં સારો રસ્તો કાઢ્યો કે, પુરાણો વાંચવા અને સાંભળવાં.'

આ આપણી માન્યતાઓ છે. માન્યતા એટલા માટે છે કે આપણે આ મહાસાગરનો ફક્ત કિનારો જ જોયો છે. આપણે મહાસાગરમાં ડૂબકી નથી મારી.

જેમ કોઈ અતીતની ધૂણી હોય, ધૂણીમાં અંગારા ધગધગતા હોય એ એક એક અંગારો તમને જોઈએ તેટલો અગ્નિ પૂરો પાડે. એ જ રીતે પુરાણોમાં એટલા બધા અગ્નિબીજો છે જે અગ્નિબીજની સામે દૃષ્ટિ માંડીએ તો અત્યારની જ્ઞાન-વિજ્ઞાનની ક્ષિતિજો ઝાંખી લાગશે.

પુરાણોનાં ઉદરમાં જાગતા અગ્નિબીજોને આપણે વિજ્ઞાનબીજો પણ કહી શકીએ !

પુરાણો પ્રત્યે સૂગ ધરાવનારા લોકોએ અગ્નિબીજો નથી જોયા, માત્ર ઉપર વળેલી રાખ જોઈ છે.

સાગરને ઉદરે પાકતા નવલખાં મોતી નથી જોયાં, માત્ર કિનારે કિનારે વેરાયેલાં શંખલા-છીપલાં ને કાદવ જોયાં છે.

ઉપલી સપાટીએ જે ફીણ દેખાય છે, લીલ દેખાય છે, તે લીલની નીચે નિર્મળ જળ છે.

આ પુરાણોને દરિયો એટલા માટે કહું છું કે આમાં પાણીથી જીવનારી સૃષ્ટિ પણ છે અને શેવાળથી જીવનારી સૃષ્ટિ પણ છે. જેવો જેનો ખોરાક ! મહાસાગર સહુને સહુનો ખોરાક પૂરો પાડે. આવો જ ન્યાય પુરાણોનો છે.

સત્ય એક છે, વૈવિધ્ય અનંત છે.

માની લઈએ, એક સમ્રાટ છે. એના રાજ્યનો અનંત વિસ્તાર છે. અનેક અધિકારીઓ છે. ગામડાંના મુખિયાથી માંડીને મામલતદાર છે, કલેક્ટર છે, સચિવો છે, પ્રધાનો છે, રાજ્યપાલો છે, વડાપ્રધાન છે.

કોઈ જંગલોમાં વસે છે, કોઈ ગામડાંઓમાં વસે છે, કોઈ નગરોમાં વસે છે, કોઈ સાગરોમાં વસે છે.

કોઈને મુખી સાથે મિત્રતા છે, કોઈને કલેક્ટર સાથે મિત્રતા છે, કોઈને પ્રધાન સાથે મિત્રતા છે, તો કોઈને રાષ્ટ્રપતિભવનમાં મહેમાનગતિ માણવાનો અવસર મળે છે.

કોઈ અવિકસિત છે, કોઈ અલ્પવિકસિત છે, કોઈ અર્ધવિકસિત છે, કોઈ વિકસિત છે.

જે વ્યક્તિ જંગલમાં વસે છે, એનાં મનમાં ઝૂંપડાંઓનો મુખી એટલે દુનિયાનો બાદશાહ. એને મુખી મળે તો એને એમ લાગે છે કે એને 'જાણે ભગવાન મળ્યા!' કારણ કે એની દુનિયા ઝૂંપડામાં સિમિત છે. પરંતુ એ જ વ્યક્તિ જંગલના કૂબાથી ઉપર ઊઠે તો દુનિયાનો કેટલો મોટો વિસ્તાર એની નજરે ચઢે છે.

સમાજની આ બધી વિવિધ કક્ષાઓ છે.

આ વિશાળ સામ્રાજ્યમાં તમે કોઈ પણ કક્ષાની ઉપેક્ષા ન કરી શકો.

રાષ્ટ્રના વડાની નીતિ નાનામોટા સર્વનું હિત કરનારી હોય છે. તે જ રીતે પુરાણોની નીતિ સર્વગ્રાહી અને સર્વહિતાવહ છે.

પુરાણોમાં જાતજાતના દેવી-દેવતાઓ છે, જાતજાતની કથાઓ છે, સુખી થવાના જાતજાતના ઉપાયો છે. જેમાં

- અનુસંધાન પાના નં. ૮ ઉપર

માનવજીવનની મૂળભૂત સમસ્યા

- ભાણદેવજી

માનવજીવનની મૂળભૂત સમસ્યા કઈ છે?

માનવજીવનની અનેક સમસ્યાઓ છે. આ સર્વ સમસ્યાઓ જેમાંથી પ્રગટ થાય છે, તે મૂળભૂત સમસ્યા કઈ છે ?

તે મૂળભૂત સમસ્યા આ પ્રમાણે છે.

જીવન સત્યની શોધ છે, સુખની શોધ નથી. આમ છતાં જીવન સુખની શોધ બની ગયું છે. આ જીવનની મૂળભૂત સમસ્યા છે.

આમ શા માટે બન્યું છે ? સમસ્યાનું કારણ સમજાય તો સમસ્યાના નિરાકરણનો ઉપાય મળી શકે છે. તદ્નુસાર આપણે આ મૂળભૂત સમસ્યાનું સ્વરૂપ અને કારણ સમજીએ.

જીવન સત્યની શોધ છે, તો સુખની શોધ શા માટે બની ગયું છે ? એવું શું બન્યું કે આ સત્યની શોધ બાજુમાં રહી ગઈ અને સુખની શોધ કેન્દ્રમાં આવી ગઈ ?

આનંદ માનવીનું સ્વરૂપ છે. અવિદ્યાને કારણે, અવિદ્યાજન્ય અજ્ઞાનને કારણે માનવીને પોતાનાં આનંદસ્વરૂપનું વિસ્મરણ થયું છે. અવિદ્યા ક્યાંથી આવી? અવિદ્યા અનાદિ છે, પરંતુ તે અનંત નથી. આ રહસ્યપૂર્ણ અવિદ્યાને કારણે માનવીને પોતાનાં આનંદસ્વરૂપનું વિસ્મરણ થયું. આનંદસ્વરૂપનો ત્યાગ થયો નથી. પોતાનાં

સ્વરૂપનો ત્યાગ થઈ શકે નહીં. જેનો ત્યાગ નથી થયો, જેનું વિસ્મરણ થયું છે, તેની શોધ માનવી કરે છે. જે પોતાનું સ્વરૂપગત લક્ષણ છે, તેનું વિસ્મરણ થાય તેથી તેની શોધ તો માનવી કરે જ ! આનંદસ્વરૂપ માનવી આનંદની શોધ કરે જ અને કરે જ છે ! અજ્ઞાનવશ આ આનંદની શોધ સુખની શોધ બની ગયેલ છે !

આનંદની શોધ એટલે શું ?

આનંદની શોધ એટલે પોતાના યથાર્થ સ્વરૂપની શોધ.

સુખની શોધ એટલે શું ?

જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો અને અંતઃકરણ ચતુષ્ટય (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) દ્વારા જે અનુકૂળ સંવેદના મળે ત્યારે જે અનુકૂળ અનુભવ થાય છે, તે સુખ છે. આમ આનંદ સ્વરૂપગત અનુભૂતિ છે અને સુખ ઇન્દ્રિયગત અનુભવ છે. સુખની શોધમાં પણ વસ્તુતઃ માનવી આનંદ જ શોધે છે, પરંતુ ખોટાં સ્થાને અને ખોટી પદ્ધતિથી ! તેથી જ સુખની શોધ કદી પૂરી થતી નથી; કદી સ્થાયી તૃપ્તિ આપતી નથી. જે જ્યાં નથી, ત્યાંથી તે કેવી રીતે મળે?

કામ, કાંચન અને કીર્તિ - આ ત્રણ આપણી સુખની શોધના ત્રણ પ્રધાન માધ્યમો છે. આ ત્રણ માધ્યમો દ્વારા આપણે સુખ શોધીએ છીએ. આ સુખની શોધ દ્વારા આપણે તૃપ્તિ શોધીએ છીએ. પરંતુ આપણી આ શોધ કદી પૂરી થતી નથી; કારણ કે તે ત્યાં નથી. ક્ષણિક તૃપ્તિ મળે છે, તે આભાસી છે, યથાર્થ નથી.

માનવી જીવનભર અને જન્મજન્મની યાત્રા દ્વારા સુખની શોધ દ્વારા આત્મસ્વરૂપ આનંદની શોધ કરી રહ્યો છે, પરંતુ આ શોધ પૂરી થતી નથી. ઇચ્છા તો તળિયા વિનાનો કૂવો છે, તે કદી ભરાઈ શકે નહીં. આમ શા માટે બને છે ? સુખની શોધ પૂરી કેમ થતી નથી ? કારણ કે સુખની શોધમાં આપણે ખોટી રીતે અને ખોટાં સ્થાને આનંદની શોધ કરી રહ્યા છીએ. જે જ્યાં નથી ત્યાં તેની શોધ - આ આપણી સમસ્યા છે.

આમ જીવન સત્યની, સત્સ્વરૂપ આનંદની શોધ છે, પરંતુ અજ્ઞાનવશ જીવ સુખની શોધ બની ગયું છે - આ માનવજીવનની મૂળભૂત સમસ્યા છે.

એક સજ્જન પુરુષ વગડામાં એકલા જ ઊભા હતા. આજુબાજુ ખેતરો છે, પરંતુ કોઈ માનવી નથી. શિયાળાનો સમય છે. કાતિલ ઠંડી છે અને કાતિલ ઠંડો પવન ફૂંકાય છે. બિચારા તે સજ્જન પુરુષ ઠંડીમાં ઠૂંઠવાઈ ગયા હયા; ઠંડીથી ધ્રુજી રહ્યા હતા. તેમની પાસે ગરમ કપડાં નથી, તેમની બાજુમાં ક્યાંય અગ્નિ પણ જોવામાં આવતો નથી. ઠંડીથી ધ્રુજી રહેલા તે પુરુષ ભયભીત મને મનોમન કહે છે... ''અરે ! હવે મારું શું થશે ? આ કાતિલ ઠંડીમાંથી બચવાનો મારી પાસે કોઈ ઉપાય નથી ? હે ભગવાન ! મને કોણ મદદ કરશે ?''

તે સ્વજન ચારે બાજુએ જોઈ રહ્યા છે. કોઈક મદદની આશાએ જોઈ રહ્યા છે અને મદદ મળી. તેણે જોયું કે થોડે દૂર સામે જ અગ્નિ પ્રગટી રહ્યો છે. એક મોટો ભડકો છે.

તે સજ્જન પુરુષ તો રાજી રાજી થઈ ગયા. અગ્નિ ! આટલો પ્રજ્વલિત અગ્નિ ! ભડભડ પ્રગટી રહેલા અગ્નિની આટલી મોટી જ્વાળા!

તેમણે તો અગ્નિ પાસે પહોંચવા માટે દોટ મૂકી. તેઓ અગ્નિની જ્વાળા પાસે પહોંચી પણ ગયા. પરંતુ આશ્ચર્ય ! અહીં અગ્નિની એક નહીં, પરંતુ બે જ્વાળાઓ છે. બન્ને સરખી જ લાગે છે. શું કરવું ? કયા અગ્નિ પાસે પહોંચવું ? કયા અગ્નિ પાસે બેસીને આ કાતિલ ઠંડીમાંથી મુક્ત થવું ? આખરે તેઓ બેમાંથી એક અગ્નિ પાસે બેઠા. હાથ લાંબા કરીને તાપવાનું શરૂ કર્યું. પરંતુ આશ્ચર્ય ! આ અગ્નિ તેને ઉષ્ણતા આપતો નથી. તેને આ અગ્નિમાં ક્યાંય ગરમી અનુભવાતી નથી. તેને આ કાતિલ ઠંડીમાંથી થોડી પણ રાહત મળતી નથી.

અગ્નિ ઉષ્ણતા ન આપે ? અગ્નિ ઠંડીમાંથી મુક્ત ન કરે? આ કેવો અગ્નિ ? આમ કેમ બન્યું ?

હકીકત આ પ્રમાણે છે...

એક ખરો અગ્નિ છે. તે ખરા અગ્નિની પાસે એક વિશાળ કદનું દર્પણ છે. આ દર્પણ દશ ફૂટ પહોળું અને દશ ફૂટ લાંબુ છે. આ દર્પણમાં ખરા અગ્નિનું પ્રતિબિંબ પડે છે તેથી અગ્નિ વસ્તુતઃ એક જ હોવા છતાં દર્પણને કારણે બે જણાય છે. આપણા આ સજ્જન પુરુષ દર્પણના અગ્નિ પાસે બેસીને તાપે છે, ઠંડી ઉડાડવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેમ બને કેવી રીતે ? દર્પણનો અગ્નિ ખરો અગ્નિ નથી. અગ્નિનું પ્રતિબિંબ છે. દર્પણમાં પ્રતિબિંબિત થયેલો અગ્નિ કોઈની ઠંડી ઉડાડી શકે ?

સુખની શોધ તે દર્પણના અગ્નિમાં ઠંડી ઉડાડવા જેવી ઘટના છે. સુખની શોધ ઇન્દ્રિયોના સુખ દ્વારા આનંદપ્રાપ્તિની શોધ છે. ત્યાં યથાર્થ આનંદ નથી. તેમાંથી અર્થાત્ સુખના અનુભવમાં આનંદની અનુભૂતિની પ્રાપ્તિ ન થઈ શકે; ન જ થઈ શકે !

સુખની શોધ, ઈન્દ્રિયોના અનુભવ દ્વારા આનંદની શોધનો ખોટી દિશાનો પ્રયત્ન છે. જે જ્યાં નથી ત્યાં તે કેવી રીતે મળી શકે?

'રાબિયા' નામના એક સૂફી સ્ત્રીસંત હતાં. તેઓ બસરામાં રહેતાં હતાં. બસરાનગરની બહાર એક નાની કુટિયા બનાવીને તેઓ ત્યાં રહેતાં હતાં. આમ તો સંત રાબિયા પહેલા ગુલામ હતાં. પછી તેઓ બસરાનગરની બહાર એક કુટિયા બનાવીને તેમાં રહેતાં હતાં.

એક સાંજે બસરાનગરના પાંચ સજ્જનો રાબિયાની કુટિયા પર આવે છે. તેઓ સૌ રાબિયા પાસે સત્સંગભાવે આવે છે અને તેઓ રાબિયાને એક સંત માને છે અને તેની પાસેથી કંઈક સારી વાતો સાંભળવા મળશે, તેવી આશાથી આવ્યા છે.

તેઓ પાંચેય સજ્જનો રાબિયાની કુટિયા પર આવે છે, તે વખતે રાબિયા કુટિયાની બહાર ધૂળમાં કાંઈક શોધી રહ્યા છે; આ આગંતુક સજ્જનોને થોડી નવાઈ લાગી. આ સંત રાબિયા ધૂળમાં શું શોધી રહ્યા છે? તેમનામાંના એક સજ્જને રાબિયાને પૂછ્યું -

''અરે ! રાબિયા, તમે શું શોધી રહ્યા છો ?''

રાબિયા પોતાનું શોધકાર્ય ચાલુ રાખી શાંતભાવે ઉત્તર આપે છે.

''આ ધૂળમાં મારી સોય ખોવાઈ ગઈ છે. હું મારી સોય શોધી રહી છું !''

''આટલી બધી ધૂળમાં આટલી એક નાની સોય શોધવી કેવી રીતે ? સોય મળે કેવી રીતે ?''



તે સજ્જન પુરુષ રાબિયાને સહાય કરવાના ભાવથી કહે છે -

''અરે ! રાબિયાજી, આટલી ધૂળમાં આટલી નાની સોય મળી શકે નહીં. તમે સોય શોધવાની વ્યર્થ મહેનત ન કરો. અમે કાલે જ તમારા માટે નવી સોય લાવી આપશું.''

પણ રાબિયા તો રાબિયા છે !

રાબિયા ત્વરિત ઉત્તર આપે છે, ''ના, ના. નવી સોય નહીં. મારે તો મારી જ સોય જોઈએ !''

હવે શું થાય ? રાબિયાના નિર્ણયને કોણ બદલી શકે? સૌ સજ્જનો સમજી ગયા અને તેમણે સ્વીકારી લીધું કે રાબિયાને સોય શોધતાં રોકી શકાય તેમ નથી.

તેમણે નક્કી કર્યું કે આપણે સૌ રાબિયાને સોય શોધવામાં મદદ કરીએ. તેમાંના એક કહે છે -

''ભલે, રાબિયા ! આપણે સાથે મળીને સોય શોધીએ.''

આ પ્રમાણે નક્કી કરીને સૌ સાથે મળીને નાનકડી સોય શોધવાના ભગીરથ કાર્યમાં લાગી ગયા. સાંજનો સમય છે. અંધારું વધી રહ્યું છે. અંધારામાં આટલી ધૂળમાંથી આટલી નાનકડી સોય મળે કેવી રીતે? આખરે રાબિયા સિવાયના સૌ આ કંટાળાજનક અને નિષ્ફળ કાર્યથી કંટાળી ગયા. આખરે કંટાળેલા એક સજ્જન રાબિયાને પૂછે છે-

''રાબિયા! તમારી સોય ક્યાં ખોવાઈ ગઈ છે ?''

રાબિયા શાંતભાવે અને કાંઈક મર્માળું હસતાં હસતાં કહે છે -

''મારી સોય તો કુટિયાની અંદર ખોવાઈ ગઈ છે !''

''અરે! તમે પાગલ છો. સોય કુટિયાની અંદર ખોવાઈ ગઈ છે અને તમે બહાર શોધો છો ? મળે કેવી રીતે ? વસ્તુ ત્યાં જ શોધવી જોઈએ, જ્યાં તે ખોવાઈ ગઈ હોય!''

સામે પણ રાબિયા છે ! અને રાબિયા તો રાબિયા છે.

દૃઢ અને માર્મિક સ્મિતપૂર્વક રાબિયા ઉત્તર આપે છે -

''ભાઈઓ ! હું પણ તમને તે જ કહું છું. વસ્તુ ત્યાં જ શોધવી જોઈએ, જ્યાં તે ખોવાઈ ગઈ હોય! તમારી ચીજ ક્યાં ખોવાઈ ગઈ છે ? તમારી ચીજ અંદર ખોવાઈ ગઈ છે અને તમે બહાર શોધી રહ્યા છો. મળે કેવી રીતે ? चीज वहीं ढूंढनी चाहिये जहां खो गई हो !''

આ મૂલ્યવાન સત્ય રાબિયા તે બસરાનાં પાંચ સજ્જનોને જ નથી કહી રહ્યાં. રાબિયાજી આપણને સૌને કહી રહ્યાં છે - ''चीज वहीं ढूंढनी चाहिये जहां खो गई हो!''

આપણે સુખ શોધી રહ્યા છીએ બહાર !

આપણે એકાદશ ઇન્દ્રિયોના માધ્યમથી સુખનો અનુભવ મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.

ક્યાં ? બહાર !

આ આપણી શોધ શું છે ? જે જ્યાં નથી તેની ત્યાં શોધ છે. ત્યાં તે નહીં મળે, કારણ કે તે ત્યાં નથી. સુખના અનુભવ દ્વારા પણ આખરે આપણે આપણા ખરા સ્વરૂપ આનંદની જ શોધ કરી રહ્યા છીએ. પરંતુ તે આનંદ ત્યાં નહીં મળે, કારણ કે તે ત્યાં નથી, નથી, નથી જ !

આપણાં જીવનની આ મૂળભૂત સમસ્યા છે, સર્વ સમસ્યાઓના પાયારૂપ મૂળભૂત સમસ્યા આ જ છે.

જીવન સત્યની શોધ છે, સુખની શોધ નથી.

સુખ દ્વારા આનંદ મળી શકે નહીં, સત્ય દ્વારા આનંદ મળી શકે છે !

સુખની શોધ નહીં, સત્યની શોધ - આ જ આપણી સર્વ સમસ્યાનો ઉકેલ છે.

- અનુસંધાન પાના નં. ૫ ઉપરનું

જાતજાતનો વિરોધાભાસ પણ ભરપૂર માત્રામાં છે.

આવો જે પુરાણોનો વિસ્તાર છે તેમાં વાંક પુરાણોનો નથી, પણ ભાતભાતની સૃષ્ટિને એક પરમ તત્વમાં પરોવવા માટે પુરાણોનો જે પ્રયાસ છે, એનું એ પરિણામ છે.

પુરાણોનો પ્રેમ એક પરમ તત્વથી આરંભી તેના નાનામાં નાના અંશ સુધી વિસ્તર્યો છે.

વ્હાલા ભક્તો ! પરમ પિતા પરમાત્માનું એક સુંદર સામ્રાજ્ય છે, તેમાં કોઈ જીવ તામસ ભૂમિકાએ જીવે છે, કોઈ રાજસ ભૂમિકાએ જીવે છે, તો કોઈ સાત્વિક ભૂમિકાએ જીવે છે.

પુરાણો આ સર્વપ્રકારના જીવોના હિત માટે ભાતભાતના અનુપમ ઔષધો આપે છે, જેથી સર્વનું પોષણ થાય. એટલું જ નહીં, પણ આ ઔષધો એવા અજાયબીથી ભરેલા છે કે એનું સેવન કરનારાઓ જે જ્યાં છે ત્યાંથી એને ઉપરની કક્ષામાં છલાંગ લગાવવાના બળ અને શક્તિ મળે છે. પરિણામે તામસી જીવો રાજસી બની શકે છે, રાજસી જીવો સાત્વિક બની શકે છે અને સાત્વિક જીવો નિર્ગુણ ભાવના અનંત ગગનમાં વિહરી શકે છે. પુરાણોની રચનાઓનો આ આશય છે.

ફરીને પૂછું છું કે તમારે શું જોઈએ છે ? જંગલમાં જંગલી લોકો જીવે છે તેવું જીવન જોઈએ છે ? કે સમાજમાં સુવિકસિત સભ્ય જેવું જીવન જીવે છે તેવું જીવન જોઈએ છે ? તમારી કક્ષા તમારી પસંદગી ઉપર અવલંબે છે.

: ચાતુર્માસ :

વૈદિક, પૌરાણિક, સામાજિક અને ધાર્મિક મહિમાનું વિશ્લેષણ

- સાધુ યજ્ઞવલ્લભદાસ

ચાતુર્માસ એ હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર અને વિશેષ મહત્વ ધરાવતો ચાર મહિનાનો ધાર્મિક સમયસમૂહ છે. આ ચાતુર્માસ અષાઢ સુદી એકાદશી, જેને દેવશયની એકાદશી તરીકે ઓળખવામાં આવે છે, ત્યારથી શરૂ થાય છે અને કાર્તિક સુદી એકાદશી, જેને દેવઊઠી કે પ્રબોધિની એકાદશી કહેવાય છે, ત્યારે સમાપ્ત થાય છે. આ પવિત્ર અવધિને આધ્યાત્મવૃદ્ધિ, વ્રત-જપ, વિશેષ નિયમોના પાલન માટે અત્યંત અનુકૂળ માનવામાં આવે છે. વર્ષ ૨૦૨૫માં ચાતુર્માસ ૬ જુલાઈથી શરૂ થઈને ૧ નવેમ્બરે પૂર્ણ થશે.

ચાતુર્માસના પ્રારંભે ચાતુર્માસનો વૈદિક, પૌરાણિક, સામાજિક અને ધાર્મિક મહિમા, વિવિધ ઉત્સવો, જપ-તપનું મહત્વ અને તેની પાછળના કારણોનું વિગતવાર વિશ્લેષણ જોઈએ.

૧. ચાતુર્માસનું વૈદિક અને પૌરાણિક મહત્વ

ચાતુર્માસનો પ્રારંભ અને સમાપ્તિ હિંદુ ધર્મની મહત્વપૂર્ણ એકાદશી તિથિઓ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે, જેનું વૈદિક અને પૌરાણિક ગ્રંથોમાં ખૂબ મહત્વ વર્ણવેલું છે.

ચાતુર્માસનો પ્રારંભ અષાઢ સુદ એકાદશીથી થાય છે, જેને 'દેવપોઢી એકાદશી' કહેવાય છે. આ નામ પાછળની માન્યતા એ છે કે, આ દિવસે ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાં પોઢે છે. ચાતુર્માસના મધ્યમાં, ભાદરવા સુદ એકાદશી આવે છે, જેને 'પરિવર્તીની એકાદશી' તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુ પોતાની નિદ્રામાં પડખું ફેરવે છે તેવી માન્યતા છે.

ચાતુર્માસનું સમાપન કાર્તિક સુદ એકાદશીએ થાય છે, જેને 'દેવઊઠી એકાદશી' અથવા 'પ્રબોધિની એકાદશી' કહેવાય છે, કારણ કે આ દિવસે ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાંથી જાગૃત થાય છે.

શાસ્ત્રોમાં એકાદશીના વ્રતને સર્વશ્રેષ્ઠ ગણાવ્યું છે. સ્વયં શ્રીનારાયણે આ સંદર્ભમાં કહ્યું છે કે, જેવી રીતે દેવતાઓમાં શ્રીકૃષ્ણ, દેવીઓમાં પ્રકૃતિ, વર્ણોમાં બ્રાહ્મણ તથા વૈષ્ણવોમાં ભગવાન શિવ શ્રેષ્ઠ છે, તેવી જ રીતે વ્રતોમાં એકાદશી વ્રત શ્રેષ્ઠ છે.

ભગવાન વિષ્ણુની યોગનિદ્રા

પૌરાણિક માન્યતા અનુસાર, દેવપોઢી એકાદશીથી ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં યોગનિદ્રામાં જાય છે અને બલિરાજા પાસે નિવાસ કરે છે. આ સમય દરમિયાન સૃષ્ટિનું સંચાલન ભગવાન શિવ જ કરે છે. આ એક ધાર્મિક વ્યવસ્થા છે, જે સૃષ્ટિના સંચાલનમાં દૈવી શક્તિઓના પરસ્પર ગાઢ સંબંધનું દર્શન કરાવે છે.

ભગવાન વિષ્ણુના યોગનિદ્રામાં જવાથી માંગલિક કાર્યો પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. આ પ્રતિબંધ પાછળનો હેતુ એ છે કે ભગવાન વિષ્ણુ સૃષ્ટિના પાલનહાર અને શુભ કાર્યોના અધિષ્ઠાતા દેવ છે. તેમની યોગનિદ્રાનો અર્થ સૃષ્ટિના પાલનકાર્યમાં તેમની સીધી દખલગીરીનો અભાવ છે. ભલે ભગવાન શિવ સૃષ્ટિનું સંચાલન સંભાળે, પરંતુ ભગવાન વિષ્ણુની અનુપસ્થિતિ માંગલિક કાર્યો માટે પૂરતી શુભ ઊર્જાના અભાવને સૂચવે છે, જે શુભ કાર્યો માટે અનુકૂળ નથી. આ નિયમ માત્ર ધાર્મિક માન્યતાને

કારણે નથી, પરંતુ મનુષ્યો ચાતુર્માસ દરમિયાન લૌકિક કાર્યોથી દૂર રહે અને આધ્યાત્મિક કાર્યો ઉપર પોતાની શક્તિ કેન્દ્રિત કરે તે છે.

બીજો ભાવ એ પણ છે કે, જ્યારે સૃષ્ટિના પાલનહાર સ્વયં વિશ્રામ કરતા હોય ત્યારે મનુષ્યે પણ પોતાની ઇન્દ્રિયો પર સંયમ રાખી, આત્મચિંતન અને ભક્તિમાં લીન થવું જોઈએ, જેથી આંતરિક શુદ્ધિ અને આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકાય.

પૌરાણિક કથાઓ

ચાતુર્માસ સાથે અનેક પૌરાણિક કથાઓ સંકળાયેલી છે.

શંખાસુર વધ : દેવશયની એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુએ શંખાસુર નામના અસુરનો વધ કર્યો હતો. આ કથા ભગવાનના વિજય અને ધર્મની સ્થાપનાનું પ્રતીક છે.

આ દિવસે બ્રહ્માજીએ સૌપ્રથમ નારદજીને એકાદશીનું માહાત્મ્ય જણાવ્યું હતું તથા શ્રીકૃષ્ણએ યુધિષ્ઠિરને પણ એકાદશીનો મહિમા કહ્યો હતો.

બલિરાજા અને વામન અવતાર : ચાતુર્માસના પ્રારંભની એક મુખ્ય કથા અસુરરાજ બલિ અને ભગવાન વિષ્ણુના વામન અવતાર સાથે જોડાયેલી છે. રાજા બલિ, ભક્ત પ્રહ્લાદના પૌત્ર હતા. તેઓ આઠ ચિરંજીવીમાંથી એક હતા. તેમણે કઠોર તપસ્યા દ્વારા પાતાળ લોકની સાથે પૃથ્વીલોક અને સ્વર્ગલોક ઉપર વિજય મેળવ્યો હતો. જેથી બલિનું મનુષ્યો અને દેવતાઓ ઉપર આધિપત્ય સ્થપાયું.

અસુરરાજના અસહનીય કષ્ટોથી દુઃખી થઈ ઇન્દ્રાદિક દેવતાઓ ભારે સંતાપ અનુભવવા લાગ્યા. દેવોને આ સંતાપથી છૂટકારો અપાવવા દેવમાતા અદિતિએ ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરી. માતાની પ્રાર્થના સાંભળી ભગવાને તેમના જ ગર્ભથી વામન અવતાર ધારણ કર્યો.

નર્મદાકાંઠે ભૃગુક્ષેત્રમાં રાજા બલિ અશ્વમેધ યજ્ઞ કરી રહ્યા હતા. ત્યાં વામન ભગવાન પધાર્યા. ભગવાને બલિ પાસે દાનમાં ફક્ત ત્રણ પગલાં જમીન માંગી. રાજા બલિએ પોતાનાં વચનનું પાલન કરતાં દાન આપવા સંકલ્પ કર્યો. સંકલ્પ કરતાં જ વામન ભગવાને વિરાટ સ્વરૂપ ધારણ કરી પ્રથમ પગલામાં સમગ્ર પૃથ્વી આવરી લીધી. બીજા પગલાંમાં સ્વર્ગ અને ત્રીજું પગલું સ્વયં બલી ઉપર મૂક્યું.

બલિરાજાની આ કથા ભક્તના સમર્પણ અને ભગવાનની લીલાનું પ્રતીક છે. બલિરાજાના આ સમર્પણને વશ થઈ ભગવાન ચાર માસ માટે તેમની પાસે નિવાસ કરે છે.

વાર્ષિક પ્રલય અને સૂર્યનું દક્ષિણાયન

એક પૌરાણિક માન્યતા અનુસાર, આ ચાર માસ દરમિયાન ભગવાન જ્યારે નિદ્રાધીન હોય છે, ત્યારે પૃથ્વી પર પૂર આવે છે અને સમગ્ર પૃથ્વી પાણીમાં ગરકાવ થઈ જાય છે. જુલાઈથી ડિસેમ્બર સુધીનો સમય 'વાર્ષિક પ્રલય'નો સમય છે, જ્યારે પૃથ્વી પોતાનું નવસર્જન કરે છે. આ સમયગાળામાં સૂર્ય દક્ષિણ દિશા તરફ કર્ક રાશિમાં પ્રવેશ કરે છે. કર્ક રાશિનું ચિહ્ન 'કરચલો' છે. માન્યતા અનુસાર, આ કરચલો સૂર્યનો પ્રકાશ ધીરે ધીરે ખાવાનો પ્રયત્ન કરે છે, જેના કારણે ચાતુર્માસ દરમિયાન દિવસો નાના થઈ જાય છે અને પૃથ્વી ઉપર અંધકાર છવાઈ જાય છે.

ચાતુર્માસ સાથે સંકળાયેલી પૌરાણિક કથાઓ અને ખગોળીય ઘટનાઓ વચ્ચે એક ગૂઢ સંબંધ જોવા મળે છે. પૌરાણિક કથાઓ ઘણીવાર કુદરતી ઘટનાઓ અને ખગોળીય ગતિવિધિઓને ધાર્મિક રૂપક દ્વારા સમજાવે છે. સૂર્યનું દક્ષિણાયન એ પૃથ્વી પર ઊર્જાના સ્તરમાં ઘટાડો સૂચવે છે, જે 'ભગવાનની નિદ્રા' સાથે સાંકેતિક રીતે જોડાયેલું છે. આ સમયમાં દિવસો ટૂંકા થાય છે અને વાતાવરણ ભેજવાળું બને છે. આ સમય આધ્યાત્મિક ચિંતન માટે અનુકૂળ છે, માટે આ સમયે બાહ્ય પ્રવૃત્તિઓ ઘટાડીને આંતરિક ઊર્જાનો સંચય કરવો જોઈએ.

બલિરાજાની કથા ભક્ત પ્રત્યે ભગવાનની કૃપા અને વચનબદ્ધતા દર્શાવે છે. આ કથા ચાતુર્માસના સમયને ભક્તિમય બનાવવાની પ્રેરણા આપે છે. 'વાર્ષિક પ્રલય'ની માન્યતા પણ ચોમાસાની ઋતુમાં આવતાં પૂર અને કુદરતી પુનઃનિર્માણની પ્રક્રિયાનું અર્થઘટન છે.

આમ આ કથાઓ ઉપરથી આપણને આપણા શાસ્ત્રોમાં વર્ણવાયેલી ભારતીય પરંપરાની વૈજ્ઞાનિકતા સમજાય છે.



આપણા શાસ્ત્રોમાં ઋષિઓ દ્વારા ધર્મ, વિજ્ઞાન અને પ્રકૃતિના ચક્રને એકબીજા સાથે ગૂંથીને મનુષ્યની જીવનશૈલી અને ધાર્મિક પ્રથાઓ ઘડવામાં આવી છે.

ચાતુર્માસ માત્ર એક ધાર્મિક પર્વ નથી, પરંતુ તે પ્રકૃતિના પરિવર્તનો સાથે સુમેળ સાધવા અને આંતરિક શુદ્ધિ માટેનો એક સુવર્ણ સમય છે, જે બાહ્ય જગતની અનુકૂળતાના અભાવે આંતરિક જગત પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રેરણા આપે છે.

ચાતુર્માસ દરમિયાન આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શાસ્ત્રોનું શ્રવણ અને પઠન અત્યંત લાભકારી માનવામાં આવે છે. આ સમયમાં શ્રીમદ્ ભાગવતજી, વિષ્ણુ પુરાણ, રામાયણ, મહાભારત વગેરે શાસ્ત્રોનું શ્રવણ કરવું જોઈએ. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ ચાતુર્માસ દરમિયાન શાસ્ત્રનાં અધ્યયન ઉપર ભાર મૂક્યો છે. આ પ્રવૃત્તિઓ મનને શાંતિ અને સ્થિરતા પ્રદાન કરે છે અને આધ્યાત્મિક વિકાસમાં મદદરૂપ થાય છે.

ચાતુર્માસનો સામાજિક અને ધાર્મિક મહિમા

ચાતુર્માસ માત્ર ધાર્મિક વિધિઓ પૂરતો સીમિત નથી, પરંતુ તે સામાજિક અને વ્યક્તિગત જીવનમાં પણ ઊંડો પ્રભાવ પાડે છે. આ સમયગાળો સ્વ-સુધારણા અને સામુદાયિક એકતા માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે.

ચાતુર્માસ આધ્યાત્મિક વિકાસ, ઉપવાસ, નિયમોનું પાલન અને સેવાભાવના પર વિશેષ ભાર મૂકતો સમયગાળો છે. આ ચાર મહિના દરમિયાન વ્યક્તિએ મન, વાણી અને કર્મથી પવિત્રતાનું પાલન કરવું અત્યંત આવશ્યક છે. આ સમયમાં કરવામાં આવતાં વ્રત, પૂજન, હવન, દાન, ધ્યાન વગેરેનો અભ્યાસ અનેકગણું પુણ્ય પ્રદાન કરે છે.

આ સમય દરમિયાન બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. ક્રોધ, લોભ, રાગ-દ્વેષ વગેરે અનૈતિક કાર્યોથી પણ બચવું જોઈએ. આ નિયમોનું પાલન વ્યક્તિગત શુદ્ધિ તરફ દોરી જાય છે અને સમાજમાં સકારાત્મક વાતાવરણનું નિર્માણ કરે છે. સૂર્યોદય પહેલાં જાગીને ભગવાનની પૂજા કરવી, તેમજ વિષ્ણુ સહસ્ત્રનામ, સર્વમંગલ સ્તોત્ર, જનમંગલ સ્તોત્ર જેવા સ્તોત્રનો પાઠ કરવો પણ શુભ મનાય છે.

માંગલિક કાર્યો પર પ્રતિબંધના કારણો

ચાતુર્માસ દરમિયાન લગ્ન, સગાઈ, ગૃહપ્રવેશ જેવાં શુભ કાર્યો પર પ્રતિબંધ છે. આનું મુખ્ય ધાર્મિક કારણ ભગવાન વિષ્ણુનું યોગનિદ્રામાં હોવું છે. એવી માન્યતા છે કે ભગવાન વિષ્ણુની હાજરી વગર કોઈપણ શુભ કાર્ય થઈ શકતું નથી અને આ સમયગાળા દરમિયાન તેમની ઊર્જા ઓછી હોવાથી શુભ કાર્યો ફળ આપતાં નથી.

આ પ્રતિબંધો માત્ર ધાર્મિક માન્યતાઓ પૂરતા સીમિત નથી, પરંતુ તેની પાછળ વ્યવહારિક અને આરોગ્યલક્ષી કારણો પણ રહેલા છે.

પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ વર્ષાઋતુમાં એક ગામથી બીજે ગામ યાત્રા કરવાનું ટાળતા હતા, કારણ કે તે સમયે યાત્રા કરવી કઠિન હતી અને વરસાદના કારણે અનેક જીવ-જંતુઓ ઉત્પન્ન થતા હોવાથી જીવહિંસાની શક્યતા વધુ રહેતી હતી. આ જ કારણ ગૃહસ્થોને પણ લાગુ પડે છે. ચોમાસામાં હવામાન ભેજવાળું અને જીવજંતુઓથી ભરેલું હોય છે, જેનાથી સ્વાસ્થ્યની સમસ્યાઓ વધે છે. આવા સમયે મોટા સામાજિક પ્રસંગોનું આયોજન કરવું અસુવિધાજનક અને સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે. આમ, ધાર્મિક નિયમો વ્યવહારિક અને આરોગ્યલક્ષી કારણો સાથે સુસંગત છે, જે દર્શાવે છે કે પ્રાચીન ભારતીય પરંપરાઓ ધર્મ અને વિજ્ઞાનનો સુભગ સમન્વય છે.

આ નિયમો માત્ર અંધશ્રદ્ધા નથી, પરંતુ તે સમાજને કુદરતી ચક્ર સાથે સુમેળ સાધવા, સ્વાસ્થ્ય જાળવવા અને આંતરિક શાંતિ તથા આધ્યાત્મિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે રચાયેલા છે.

વિવિધ સંપ્રદાયોમાં ચાતુર્માસનું મહત્વ અને પાલન

ચાતુર્માસનું મહત્વ હિંદુ ધર્મના વિવિધ સંપ્રદાયો અને જૈન ધર્મમાં પણ જોવા મળે છે.

પુષ્ટિમાર્ગ : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં ચાતુર્માસ દરમિયાન હિંડોળા ઉત્સવનું આગવું મહત્વ છે. હિંડોળો મનની ચંચળતાનું પ્રતીક છે. જેમ ઠાકોરજી હિંડોળામાં બિરાજે છે અને તે સ્થિર થાય છે, તેમ શ્રીહરિને મનના હિંડોળામાં બિરાજમાન કરવાથી મન આપોઆપ સ્થિર થાય છે. મનની સાચી સુખ-શાંતિ તેની સ્થિરતામાં રહેલી છે. આ ઉત્સવ પ્રકૃતિના અસીમ સૌંદર્ય અને સમૃદ્ધિને આવકારવાનું પણ પ્રતીક છે.

સ્વામિનારાયણ સંપ્રદાય : સ્વામિનારાયણ સંપ્રદાયમાં ચાતુર્માસને મોક્ષપ્રાપ્તિ માટેનું મહાપર્વ ગણવામાં આવે છે. આ સંપ્રદાયમાં દેવપોઢી અને દેવઊઠી અગિયારસનું વિશેષ મહત્વ હોય છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રી ગ્રંથમાં ચાતુર્માસના નિયમો ગ્રહણ કરવા પર ભાર મૂકતાં કહ્યું છે કે, ચાતુર્માસમાં સૌ ભક્તોએ વિશેષ નિયમ ધારણ કરવા જોઈએ. જે અસમર્થ હોય તેમણે શ્રાવણ માસમાં તો અવશ્ય વિશેષ નિયમો ધારવા જ જોઈએ. આ નિયમોમાં ભગવાનની કથા સાંભળવી તથા વાંચવી, ભગવાનના ગુણનું ગાન કરવું, પંચામૃત સ્નાનથી

ભગવાનની મહાપૂજા કરવી, ભગવત્‌મંત્રનો જપ કરવો, સ્તોત્રનો પાઠ કરવો, ભગવાનની પ્રદક્ષિણા કરવી તથા સાષ્ટાંગ નમસ્કાર કરવા જેવા આઠ નિયમોમાંથી કોઈ એક નિયમ ભક્તિયુક્ત થઈને વિશેષપણે ધારવાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત મંત્રલેખન, વ્રત, તપ, એકટાણાં કરવા, ચાંદ્રાયણ, પૂનમ ભરવાનો નિયમ લેવો, હરિ જયંતી અને એકાદશીના ઉપવાસ કરવા તથા ભજન-ભક્તિ કરવી વગેરે નિયમોનું પણ ભક્તોમાં મહત્વ જોવા મળે છે.

શૈવ સંપ્રદાય : ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાં હોવાથી સૃષ્ટિનું સંચાલન ભગવાન શિવને હસ્તક હોય છે. આથી ચાતુર્માસમાં ભગવાન શિવની પૂજાનું વિશેષ મહત્વ છે. શ્રાવણ મહિનો ભગવાન શિવને સમર્પિત છે અને તેમને અતિ પ્રિય છે. આ મહિનામાં જલાભિષેક, દૂધ અભિષેક અને બીલીપત્ર, ધતુરો વગેરે ભગવાન શિવજીને અર્પણ કરવાથી તેઓ ખૂબ જ પ્રસન્ન થાય છે અને ભક્તોના કષ્ટ દૂર કરે છે. શિવ મહિમ્ન સ્તોત્ર, લઘુરુદ્ર પૂજા અને પંચાક્ષર મંત્રનો જાપ કરવો પણ અત્યંત ફળદાયી મનાય છે. શ્રાવણ મહિનામાં આવતા દરેક સોમવારનું પણ આગવું મહત્વ છે.

જૈન ધર્મ : ચોમાસાના ચાર મહિનાનો સમય એવો છે કે જૈન સાધુ-સાધ્વીઓ એક જ સ્થળે ચાર મહિના સુધી સ્થિર રહે છે. આનું મુખ્ય કારણ વરસાદના કારણે ઉત્પન્ન થતા અનેક જીવ-જંતુઓની હિંસા ન થાય, તેમની અને તેમની રક્ષા થઈ શકે તે છે. આ સમયગાળો જૈનો માટે આકરા તપનો હોય છે. આ દિવસોમાં દાન, શીલ, તપ અને ભાવનાનું આચરણ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. સામૂહિક અનુષ્ઠાનોમાં ભાગ લેવો, સંઘની પ્રવૃત્તિઓમાં જોડાવું, સંપત્તિ, વસ્ત્ર, ભોજન આદિનું દાન કરવું, નિયમિતપણે ધર્મપાલન કરવું વગેરેનો સમાવેશ થાય છે.

ચાતુર્માસના વિવિધ ઉત્સવો અને તહેવારો

ચાતુર્માસનો સમયગાળો અનેક ઉત્સવો અને તહેવારોથી ભરપૂર હોય છે, જે આધ્યાત્મિક ઉલ્લાસ અને સામાજિક એકતાનું પ્રતીક છે.

ગુરુપૂર્ણિમા : ચાતુર્માસના પ્રારંભે આવતું આ પર્વ ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો તહેવાર છે. ગુરુ વિના જ્ઞાન નથી અને આધ્યાત્મિક માર્ગે ગુરુ વિના પ્રગતિ શક્ય નથી. માટે આ દિવસે ગુરુઋણમુક્તિ માટે ગુરુપૂજા કરવામાં આવે છે.

હિંડોળા ઉત્સવ : વૈષ્ણવ અને સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ ઉત્સવનું આગવું મહત્વ છે. ચોકલેટથી માંડીને ફૂલોના, અરે શાકભાજીના પણ હિંડોળા આ ઉત્સવમાં બને છે. હરિભક્તો એમાં બેઠેલા હરિને ઝૂલાવીને પોતાનાં હૃદયમાં રહેલી ભક્તિનું પોષણ કરે છે.

જયાપાર્વતી વ્રત : આ વ્રતો મુખ્યત્વે કુંવારી કન્યાઓ અને સૌભાગ્યવતી સ્ત્રીઓ દ્વારા સારા વરની પ્રાપ્તિ અને પતિના દીર્ઘાયુષ્ય માટે કરવામાં આવે છે.

નાગપાંચમ : આ દિવસે નાગ દેવતાની પૂજા કરવામાં આવે છે, જે સર્પદંશથી રક્ષણ અને કલ્યાણ માટે હોય છે.

શિતળા સાતમ : આ દિવસે શીતળા માતાની પૂજા કરવામાં આવે છે, જે રોગમુક્તિ અને સ્વાસ્થ્ય માટે હોય છે.

રક્ષાબંધન : ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનો આ તહેવાર શ્રાવણી પૂનમે ઉજવાય છે. તે ભગવાન અને સંતો દ્વારા જીવોના રક્ષણનું પણ પ્રતીક છે.

જન્માષ્ટમી : શ્રાવણ મહિનામાં આવતો આ ઉત્સવ ભગવાન શ્રીકૃષ્ણના જન્મની ઉજવણી નિમિત્તે ઉજવાય છે.

ગણેશચતુર્થી (ગણેશ ઉત્સવ) : ભાદરવા મહિનાના શુક્લ પક્ષની ચતુર્થી તિથિ પર ગૌરીપુત્ર ગણેશનો જન્મોત્સવ મનાવવામાં આવે છે. આ પર્વ ૧૦ દિવસ ચાલે છે, જેને ગણેશ ઉત્સવ કહેવાય છે.

જળઝીલણી એકાદશી : આ એકાદશીને પરિવર્તીની એકાદશી કહેવાય છે. યોગનિદ્રમાં પોઢેલા ભગવાન આ દિવસે પડખું ફેરવે છે. આ દિવસે ભગવાનને નૌકાવિહાર કરાવવામાં આવે છે. ભગવાન ભવસાગરમાં પડેલા જીવોને ભક્તિ અને સત્સંગની નૌકા દ્વારા તારે છે.

શ્રાદ્ધપર્વ (પિતૃપક્ષ) : આસો મહિનામાં ૧૬ શ્રાદ્ધ કરવામાં આવે છે. આ દિવસોમાં પિતૃઓના નિમિત્તે તર્પણ, પિંડદાન, શ્રાદ્ધ કર્મ કરવાથી પૂર્વજોની આત્માને તૃપ્તિ મળે છે અને તેમના આશીર્વાદથી વંશજો કષ્ટ ભોગવતા નથી.

નવરાત્રી : આસો મહિનાના શુક્લ પક્ષની પ્રતિપદા તિથિથી ૯ દિવસ સુધી શારદીય નવરાત્રિ મનાવવામાં આવે છે. આ સમયમાં દેવી દુર્ગાની પૂજા કરવામાં આવે છે, જે જીવની પશુવૃત્તિઓનો નાશ કરી શકે છે.

દશેરા (વિજયાદશમી) : આસો મહિનામાં આવતો આ તહેવાર અનિષ્ટ પર શુભની, અસત્ય પર સત્યની અને અધર્મ પર ધર્મની જીતનું પ્રતીક છે.

શરદપૂર્ણિમા : ભગવાન અને ભક્તની લીલાનો, ભગવાન અને ભક્તના મિલનનો આ ત્યોહાર છે. ભક્તો ભગવાનને મધ્યમાં રાખી આ દિવસે રાસ રમે છે. આ દિવસે દૂધપૌંવાના પ્રસાદનો પણ મહિમા છે.

દિવાળી, નૂતનવર્ષ અને ભાઈબીજ : ચાતુર્માસના અંતે આવતા આ તહેવારો અજ્ઞાનથી જ્ઞાન તરફ,

અંધકારથી પ્રકાશ તરફ અને ભગવાન તરફ પ્રયાણનો ઉત્સવ છે. ભગવાનને સાચી સંપત્તિ માનવામાં આવે છે.

ચાતુર્માસ દરમિયાન મુખ્ય તહેવારોની આ સાંકળ સતત આધ્યાત્મિક વાતાવરણ જાળવવામાં મદદ કરે છે. આથી ભક્તો ધાર્મિક પ્રથાઓમાં વ્યસ્ત રહે, કંટાળાને અથવા નિષ્ક્રિયતાને અટકાવે, ભક્તિની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

એકાદશી વ્રતનું અનન્ય મહત્વ

વર્ષમાં કુલ ચોવીસ એકાદશી આવે છે, જેમાંથી ચાતુર્માસમાં આવતી નવ એકાદશીનું વિશેષ મહત્વ છે. આ નવ એકાદશીમાંથી પણ ત્રણ એકાદશીનું સૌથી વધુ મહત્વ છે : દેવપોઢી એકાદશી (અષાઢ સુદ એકાદશી), પરિવર્તીની એકાદશી (ભાદરવા સુદ એકાદશી) અને દેવઊઠી એકાદશી (કારતક સુદ એકાદશી). શાસ્ત્રોમાં આ સર્વે એકાદશીએ નકોરડો ઉપવાસ કરવાનું નિરૂપણ છે. જેઓ ચોવીસ એકાદશીના દિવસે નકોરડો ઉપવાસ ન કરી શકતા હોય, તેમણે ચાતુર્માસમાં આવતી નવ એકાદશીના ઉપવાસ અવશ્ય કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. જો આ નવ એકાદશી પણ ન થઈ શકે, તો ત્રણ મુખ્ય એકાદશીએ તો અવશ્ય ઉપવાસ કરવા જોઈએ.

શારીરિક સુખાકારી માટે ઉપવાસ અને નિયમો

શરીરની સુખાકારી માટે પણ ઉપવાસ કરવા એ હિતકારી માનવામાં આવેલ છે. તેથી ઘણા સંતો-ભક્તો ચાતુર્માસ દરમિયાન નકોરડા ઉપવાસ, ધારણાં-પારણાં, ચાંદ્રાયણ અને એકટાણાં જેવાં વ્રતો પણ કરતા હોય છે.

જપ-તપ અને ઉપવાસ અનેક લાભ પ્રદાન કરે છે. આધ્યાત્મિક રીતે તે આત્માને શુદ્ધ કરે છે, પુણ્યનો સંચય કરે છે, ભક્તિને મજબૂત બનાવે છે અને દૈવીશક્તિ સાથેના જોડાણને ગાઢ બનાવે છે. માનસિક રીતે, તે બાહ્ય વિક્ષેપો અને સાંસારિક ઇચ્છાઓને ઘટાડીને શાંતિ, સ્થિરતા અને એકાગ્રતા આપે છે. શારીરિક રીતે, સૂચવેલા આહાર પ્રતિબંધો અને ઉપવાસની પ્રથાઓ મોસમી સ્વાસ્થ્ય સાથે સુસંગત છે, જે ચોમાસા દરમિયાન પાચનમાં મદદ કરે છે અને રોગપ્રતિકારક શક્તિને વેગ આપે છે, જ્યારે શરીરની પાચનશક્તિ કુદરતી રીતે નબળી હોય છે અને ચેપનું જોખમ વધારે હોય છે. જે દર્શાવે છે કે કેવી રીતે પ્રાચીન પરંપરાઓએ આધ્યાત્મિક, માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને એકીકૃત કર્યું હતું.

આહારના નિયમો અને તેના કારણો

ચાતુર્માસ દરમિયાન સાત્વિક આહાર લેવા પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. આ સમયમાં તમોગુણી આહારથી દૂર રહેવું જોઈએ, કારણ કે તેવો ખોરક તમોગુણ અને રજોગુણ વધારે છે. આ ઉપરાંત લીલી શાકભાજી, દાળ, દહીં અને દૂધનું સેવન પણ ટાળવાનું કહેવાય છે.

ચાતુર્માસ દરમિયાનના આહાર પ્રતિબંધો મનસ્વી નથી; તેનો મજબૂત વૈજ્ઞાનિક અને આરોગ્યલક્ષી આધાર છે. ખાસ કરીને ચોમાસાની ઋતુ માટે તે સુસંગત છે. આ સમયગાળા દરમિયાન ભેજ વધે છે અને પાચનતંત્ર નબળું પડે છે. પાંદડાંવાળી શાકભાજી, અમુક કઠોળ અને દહીં જેવા ખોરાક પચવામાં ભારે હોય છે. ભેજવાળી પરિસ્થિતિઓમાં બેક્ટેરિયાના વિકાસ માટે વધુ સંવેદનશીલ હોઈ શકે છે. આવું ભોજન પાચનતંત્ર પર વધુ બોજ નાખે છે. ઇન્દ્રિયોને ઉત્તેજિત કરીને આધ્યાત્મિક એકાગ્રતાને પણ મુશ્કેલ બનાવે છે.

ઉપવાસ અને હળવા-સરળતાથી પચી શકે તેવા ખોરાકનું સેવન શરીરને ડિટોક્સિફાય કરવામાં, પાચનમાં સુધારો કરવામાં અને ચોમાસા સંબંધિત રોગો જેમ કે ચેપ અને પાચન સમસ્યાઓ સામે રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે.

ઉપસંહાર

ચાતુર્માસ એ હિંદુ ધર્મ અને જૈન ધર્મમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને બહુ-આયામી સમય છે. ભગવાન વિષ્ણુની યોગનિદ્રા, ભગવાન શિવ દ્વારા સૃષ્ટિનું સંચાલન અને આ સમયગાળામાં આવતા અસંખ્ય તહેવારો અને વ્રતો તેને આધ્યાત્મિક ઉન્નતિ માટેનો સુવર્ણકાળ બનાવે છે.

આધુનિક જીવનમાં પણ ચાતુર્માસની પ્રાસંગિકતા અકબંધ છે. ઇન્દ્રિય સંયમ, સાત્વિક આહાર, જપ-તપ વગેરે વ્યક્તિને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ રાખવામાં મદદરૂપ થાય છે. ચોમાસાની ઋતુમાં પાચનશક્તિ મંદ પડતી હોવાથી અને રોગોનો પ્રકોપ વધતો હોવાથી, આહાર અને વિહારના નિયમોનું પાલન સ્વાસ્થ્ય માટે અત્યંત લાભકારી નીવડે છે.

ચાતુર્માસ એ આત્મકલ્યાણ અને સમાજકલ્યાણ માટેનો એક અણમોલ અવસર છે. તે વ્યક્તિને ભૌતિક સુખોથી વિરક્ત થઈને આંતરિક શાંતિ અને આધ્યાત્મિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની પ્રેરણા આપે છે. વિવિધ સંપ્રદાયો અને પ્રદેશોમાં તેની ઉજવણીની ભિન્નતા હોવા છતાં સંયમ, ત્યાગ અને ભક્તિનો મૂળભૂત સંદેશ સાર્વત્રિક રહે છે. આમ, ચાતુર્માસ એ ભારતીય સંસ્કૃતિનો એક અનિવાર્ય ભાગ છે, જે પેઢી દર પેઢી આધ્યાત્મિક મૂલ્યો અને સ્વસ્થ જીવનશૈલીનું સિંચન કરતો રહે છે.

સત્સંગ ક્વિઝ - ૪



4. સારંગપુરના વચનામૃત જેના દરબારગઢમાં બન્યા છે તે ભક્ત. 5
5. મહારાજને મારવા ખૂબ ગરમ પાણી રેડ્યું તે ભક્તરાજ.6
9. મહારાજની આંખમાથી જીભથી કણું કાઢેલ તે ..... શેઠ. 4
10. મહારાજે આઠ સત્શાસ્ત્રોને વિશેષ માનવાની આજ્ઞા કરી તે માહેલું એક. (શક્ષાપત્રી શ્લોક 93,94,95). 5
11. રામકૃષ્ણ પરમહંસના શિષ્ય, પૂરા વિશ્વમાં હિંદુસ્તાનનું ગૌરવ વધારનાર. 5
12. ઝેર, વિષનું સમાનાર્થી. 2
14. એવા પુરુષોત્તમ મહારાજ રે અવતરિયા..... 3
15. નિંદર, ઉંઘવું. 2
17. ગ. પ્ર, 14 માં વચનામૃતમાં अन्ते या.....सा गतिः શ્રુતિનો મહારાજે સુંદર અર્થ કર્યો છે. 2
19. ગ. પ્ર. 8 કુસંગનો ..... કરે સાધુનો સંગ કરે છે ત્યારે દેહને વિશે જે અહં બુદ્ધિ તે નિવૃત્તિ પામે છે. 2
20. મીતીયાળા ગામના ઉત્તમ નિશ્ચય વાળા ..... શેલડિયા ભક્તરાજ જે પાછળથી સમઢિયાળા ગામે રહેતા. 2

આડી ચાવીઓ

1. શ્રીજી મહારાજે બન્ને આચાર્ય તથા પુરા સંપ્રદાયની જેને જવાબદારી સોપી હતી તે સંત. 5
3. મહારાજના અનન્ય નીજ સેવક, ઉર્ધ્વરેતા બ્રહ્મચારી. 3
5. ગ.પ્ર.પ્ર નું 32 મું વચનામૃત મુર્તિરુપી..... અને ખિલાનું છે. 2
6. દાદાખાચરનાં સસરા, જસુબાનાં પિતા ભટવદર ગામનાં ભક્ત. 4
8. સદ્. બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર આ બન્ને મહારાજનાં ..... ભક્ત હતા. 2
9. સત્સંગનાં ચાર પાયા માહેલું એક. 3
10. વિશેષ પ્રકારની એક અવસ્થા. 3
11. કાવ્યના નવ રસ માહેલો એક. 2
12. મહાભારતનું નીતિજ્ઞ પાત્ર, પાંડવોનાં કાકા. 3
13. यस्यात्म बुद्धि कुणपे त्रिधातुके, स्वधीः कलत्रादीषु भौम इज्यधीः। यत्तीर्थ बुद्धि सलिले न कर्हिचित्, जनेष्वभिज्ञेषु स एव गो..... ॥ 2
14. આઠ વસુ માહેલો એક, વાયુદેવ. 3
16. લોયા પ્ર. 1 વચનામૃતમાં નિર્માનાનંદ સ્વામીએ પુછ્યું, ... ને મુળમાંથી ઉખેડી નાખવો તેનુ શું સાધન? 2
18. દંતિયા ગામનાં દિનમણી શર્મા મેઘપુરમાં દીક્ષા લઈ ..... સ્વામી બન્યા. 4
20. આ અવસર આવો કરું અમે..... વારંવાર દુર્બલ દીન દાસી તમારી મારી સુણજો પોકાર. 3
21. સુવ્યવસ્થિત જીવનની ..... જીવન કહેવાય. 4
22. ઇચ્છા, મનોકામના, ચાહના. 3

ઉભી ચાવી

1. ગઢપુરના અધિષ્ઠાતા દેવ. 4
2. આજ મારે નંદનો .....ઘેર આવ્યા, 3
3. ગામ પીઠવડીના બે જોડીયા ભાઈ માહેલો એક ભાઈ. 2

સત્સંગ ક્વિઝ - 3 ના જવાબ

સાચા જવાબ આપનારનાં નામ

1. ઇશાબેન પાર્થભાઈ પટેલ, મેમનગર, અમદાવાદ.
2. ડૉ. કિંજલબેન સાર્થકભાઈ પટેલ, મેમનગર, અમદાવાદ.
3. રવિભાઈ નવનીતરાય સોની, બોટાદ.
4. ભાનુચંદ્ર રતિલાલ પટેલ, અમદાવાદ.
5. રેખાબેન ઘનશ્યામભાઈ પટેલ, મેમનગર, અમદાવાદ.
6. કોકિલાબેન મનુભાઈ પટેલ, ચાંદલોડીયા, અમદાવાદ.
7. ચારુબેન ભદ્રેશભાઈ ઠક્કર, ઘાટકોપર, મુંબઈ.
8. જયદીપભાઈ કાળુભાઇ વોરા, રંગપુર, અમરેલી.
9. ચંદ્રસિંહ એમ. રાઠોડ, રાણીપ, અમદાવાદ.
10. ભાવનાબેન વિનુભાઈ દુધાત, વાપી.
11. વિમળાબેન લવજીભાઈ સુતરીયા, સુરત.
12. હેત્તલબેન ઘનશ્યામભાઈ ખુંટ, ફાટસર.
13. મંગલાબેન બાલુભાઈ જાગાણી, ફાટસર.



નોંધ-જે હરીભક્તો તા. 14 પહેલા સાચા જવાબનો ફોટો મો. 9586015551 નંબર પર મોકલશે તેના નામ આગળના અંકમાં લખવામાં આવશે.

સમાચાર દર્શન

હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર - યુ.કે.

પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર યુ.કે. દ્વારા તા. ૨૭ થી ૨૯ જૂન, ૨૦૨૫ દરમિયાન હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું દિવ્ય આયોજન થયું. છેલ્લા ૧૭ વર્ષથી યોજાતા આ સેમિનારનો આરંભ રથયાત્રા મહોત્સવથી થયો. સમગ્ર વાતાવરણ 'જય રણછોડ...માખણ ચોર' અને 'જય જગન્નાથ'ના નારાથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું. પૂજ્ય સ્વામીજીએ ભગવાન જગન્નાથજીનું ભાવપૂજન કરી આરતી ઉતારી રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, આ યાત્રા હિંદુ સમાજની સમરસતાની યાત્રા છે. આ યાત્રામાં રાજા, રંક, ઊંચ, નીચ, નાત્ય, જાત્ય સર્વ ભેદભાવ ભૂસાય જાય છે. આજે કચ્છી ભાઈઓનું નૂતન વર્ષ પણ શરૂ થઈ રહ્યું છે. ઊપરાંત આજના મંગલ દિવસે પ્રાચીન ગુરૂકુલ સંસ્કૃતિના પુનરોદ્ધારક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો ૧૨૪મો જન્મદિવસ પણ છે.

આ ત્રિદિનાત્મક સેમિનારમાં પૂજ્ય સ્વામીજીએ વેદ, ઉપનિષદ્, ભગવદ્ ગીતા, બ્રહ્મસૂત્ર, વચનામૃત અને શિક્ષાપત્રી વગેરે ગ્રંથોનો મહિમા સમજાવ્યો હતો. વિશેષમાં સ્વામીશ્રીએ શિક્ષાપત્રીને આધારે હિંદુઓની દિનચર્યા કેવી હોય તેની સારી રીતે સમજ આપી હતી. પ્રશ્નોત્તરી દરમિયાન સ્વામીશ્રીએ હિંદુધર્મની વ્યાખ્યા શું છે ? ગૃહસ્થજીવનને સફળ કરવા માટે શું કરવું જોઈએ ? વગેરે અનેક પ્રશ્નોના પ્રત્યુત્તર આપ્યા હતા. પૂજ્ય સ્વામીજીની અમૃતવાણીનો લાભ લેવા માટે લંડન ઉપરાંત ઈંગ્લેન્ડના વિવિધ વિસ્તારોમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તજનો દરરોજ ઉપસ્થિત રહ્યા હતા.

સેમિનાર દરમિયાન સ્વામીશ્રી સાથે પધારેલા સંતોએ સ્વામી રામસુખદાસજી, સ્વામી ભક્તિવેદાંતદાસજી, સ્વામી વિશ્વમંગલદાસજી, સ્વામી નિરંજનદાસજી, સ્વામી શુકવલ્લભદાસજી, સ્વામી સર્વમંગલદાસજીએ શિક્ષાપત્રી આધારિત વિવિધ વિષયો ઉપર સુંદર પ્રવચનો કર્યા હતા. સેમિનાર દરમિયાન વેલજીભાઈ વેકરિયાએ કુશળતાપૂર્વક સભા સંચાલન કર્યું હતું.

આ પ્રસંગે કે.વરસાણી (નાઈરોબી), રવજીભાઈ વરસાણી (ટાન્ઝાનીયા), શશીભાઈ વેકરીયા (વાસક્રોફ્ટ), મનુભાઈ રામજી (કિંગ્સ કીચન), શામજીભાઈ (જે.શ્યામ ગ્રૂપ) આદિક સમાજ શ્રેષ્ઠીઓ, શ્રીમાન બોબ બ્લેકમેન(એમ.પી.), શ્રીમતી અંજનાબેન પટેલ(મેયરશ્રી, હેરો), કાઉન્સિલર તારીક મહમદ, હિતેશ ટેલર, કાંતિ રાબડીયા, નિતેશ હિરાણી આદિક રાજદ્વારી મહાનુભાવો તથા ડો.રાજેશ્વર ગુરુજી (સિદ્ધાશ્રમ લંડન), ડો. સ્ટીવન ડર્બી (યહુદી કમ્યુનીટી), શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, વડતાલ ધામ લંડન, શ્રી જલારામ મંદિર, એશિયન ફાઉન્ડેશન વગેરે સંસ્થાના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર દરમિયાન લંડનના બાળકો અને યુવાનોએ તેમજ બાલિકાઓ અને યુવતીઓએ અદ્‌ભૂત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. જેમણે પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારની સાથે યૂથ કેમ્પનું આયોજન થયું હતું. જેમાં નાના બાળકોને સંસ્કાર સિંચન કરનારી અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ સેમિનારને સફળ કરવા માટે સંતો તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવારના સ્વયં સેવકોએ ખૂબ જ ભાવપૂર્વક પુરુષાર્થ કર્યો હતો.

યુ.કે.ની સત્સંગ યાત્રા દરમિયાન પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિમાં માનનીય પ્રોફેસર કિશન દેવાણીએ સેન્ટ એન્ડ્રુસ ચર્ચ વેમ્બલી ખાતે સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે માનનીય લોર્ડ જોન હેનેટ MBE લીવર પુલ, કૃપેશ હિરાણી (ગ્રેટર લંડન એસેમ્બલી સભ્ય), મહામહિમ શ્રી મામિનારિવો (મેડાગાસ્કર દૂતાવાસના મંત્રી), શ્રી ગોડસન(નાઈજીરીયા), શ્રી મનીષ તિવારી(FRSA), સ્ટીવન ડાર્બી(ડિરેક્ટર ઈન્ટરફેથ મેટર્સ) તથા વડતાલ સંસ્થાના અગ્રણી સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં સ્વામીજીએ વર્તમાન સમયમાં વિવિધતામાં એકતા અને સદ્વિદ્યાનું મહત્ત્વ શું છે એ સમજાવ્યું હતું. દેશદેશાંતરના મહાનુભાવો પૂજ્ય સ્વામીજી સાથેના સંવાદથી આનંદિત થયા હતા.

રથયાત્રા મહોત્સવ

અષાઢ સુદ બીજના પવિત્ર દિવસે, ૨૭ જૂન, ૨૦૨૫ ના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, અમદાવાદ ખાતે ૧૮મા ભવ્ય રથયાત્રા મહોત્સવની ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી. જગતના નાથ ભગવાન જગન્નાથજી, બલરામજી અને સુભદ્રાદેવી જ્યારે નગરયાત્રાએ નીકળ્યા, ત્યારે કર્ણાવતી નગરના રાજમાર્ગો પર એક અદ્‌ભુત અને દિવ્ય દૃશ્ય સર્જાયું હતું. હજારો શ્રદ્ધાળુઓ ભાવભર્યા હૃદયે પ્રભુનાં દર્શન કરી ધન્ય બન્યા હતા.

ચાર કલાકના જપયજ્ઞ બાદ મધ્યાહ્ન ૧૨:૩૦ કલાકે પ્રાર્થના ભવનમાં વૈદિક વિધિ અનુસાર સોથી વધુ બહેનોએ ભગવાન શ્રી જગન્નાથજી, બળરામ ભૈયા અને સુભદ્રાબેનનું ભક્તિપૂર્વક પૂજન કર્યું. આ પૂજન વિધિ પૂર્ણ થતાંની સાથે જ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પૂજ્ય સંતગણ, અમદાવાદ શહેરના કોર્પોરેટર મિત્રો અને યજમાનો સહિત અનેક મહાનુભાવોએ રથમાં બિરાજમાન ભગવાન શ્રી જગન્નાથજીનું પૂજન કરીને માર્ગ માર્જન કર્યું અને રથનું પ્રસ્થાન કરાવ્યું.

એક કિલોમીટરથી પણ વધુ લાંબી આ દિવ્ય રથયાત્રામાં ગુરુકુલના વિદ્યાર્થીઓની રાસ મંડળી, શરણાઈ વાદકો, વિવિધ મનોહર ફ્લોટ્સ, કળશધારી બહેનો, વિદ્યાર્થીઓ, સંતોના રથો, ગુરુકુલના સ્થાપક શાસ્ત્રીજી મહારાજનો રથ, તેમજ પ્રસાદ વિતરણના રથો સહિત અનેક રથો જોડાયા હતા. સમગ્ર યાત્રા દરમિયાન ભક્તિ અને આનંદનો માહોલ છવાયેલો રહ્યો.

રથયાત્રાને આવકારવા માટે અનેક વિસ્તારોના ભાવિકોએ આરતી, પુષ્પહાર, પ્રસાદ અને વિવિધ પ્રકારની સામગ્રી દ્વારા ભગવાનનું પૂજન કર્યું. વિવિધ વિસ્તારના ભાવિકોએ યાત્રામાં જોડાયેલા ભક્તજનો માટે વિવિધ પ્રકારના અલ્પાહાર અને પીણાંની વ્યવસ્થા કરી હતી. યાત્રા દરમિયાન હજારો કિલો કાકડી, ખારેક, મગ અને ચોકલેટનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો.

નગર ભ્રમણ કરીને ગુરુકુલના પ્રાંગણમાં પરત પધારેલા ઠાકોરજીને સંતો અને ભક્તોએ આરતી અને પૂજન દ્વારા હર્ષભેર વધાવ્યા. પૂજ્ય સ્વામીજીએ વિડીયો સંદેશ દ્વારા રથયાત્રાનો મહિમા સમજાવ્યો અને પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ તન-મન-ધનથી સેવા કરનારા તમામની પ્રશંશા કરી.

આ રથયાત્રા દરમિયાન સ્વચ્છતાનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું. રસ્તામાં વેરાયેલી પ્લાસ્ટિકની થેલીઓ, પાણીના પાઉચ અને પ્રસાદના ખાલી પેકેટો સહિતના કચરાની સફાઈ ગુરુકુલના ત્રણસો સ્વયંસેવકો દ્વારા તાત્કાલિક કરવામાં આવી હતી, જે સેવા અને સ્વચ્છતાના ઉત્તમ ઉદાહરણરૂપ હતી. રથયાત્રાને વધુ સુશોભિત કરવા માટે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવારના ભક્તજનો અને શ્રી ભક્તિ મહિલા મંડળના બહેનોએ ભારે ભક્તિભાવ સાથે યોગદાન આપ્યું હતું. ભક્તજનોને પ્રસાદ વિતરણ અને અન્ય વ્યવસ્થામાં અમદાવાદની વિવિધ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓએ પણ સેવાનો લાભ લીધો હતો.

આજના પવિત્ર દિવસે ગુરુકુલના સંસ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો પ્રાગટ્ય દિવસ પણ હોવાથી વિશેષ ભજન અને ભાવપૂજનના આયોજનો કરવામાં આવ્યા હતા, જેણે મહોત્સવમાં વધુ આધ્યાત્મિકતા ઉમેરી હતી. સમગ્ર મહોત્સવ ભક્તિ, ઉત્સાહ અને સેવાના સુમેળભર્યા વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો.

ગુરુપૂર્ણિમા મહોત્સવ

૧૦ જુલાઈ, ૨૦૨૫ ના રોજ SGVP ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવને અપાર ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે હજારો ભક્તોએ ભારતીય સંસ્કૃતિના મહાન ઋષિઓ અને વેદાદિક શાસ્ત્રોના રક્ષણ-પોષણ માટે જીવન સમર્પિત કરનારા મહાપુરુષોને વ્યાસપૂજન દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી અને પોતાના ગુરુઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી ધન્યતા અનુભવી.

SGVPના વિશાળ સભામંડપમાં આયોજિત આ મહોત્સવમાં ઠાકોરજી, પાદુકા અને સદ્‌ગુરુ સંતોના આગમન સાથે જ ભક્તિમય માહોલ છવાઈ ગયો. ઉપસ્થિત ભક્તો તાળીઓના તાલે ઝૂમી ઉઠ્યા હતા. સંતોના આસન ગ્રહણ કર્યા બાદ વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગતનૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું, જેણે વાતાવરણમાં અનેરો ઉમંગ ભર્યો હતો.

આ પવિત્ર અવસરે સદ્‌ગુરુ સંતો દ્વારા ભગવાન શ્રીહરિ, ભગવાન વેદ, પ્રસાદીભૂત ચાખડી તેમજ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી

તથા અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીની પ્રતિમાનું ભાવપૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ સંતો, ટ્રસ્ટી મંડળ અને આગેવાન ભક્તજનોએ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તથા પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીનું પૂજન કરી ગુરુપૂજનની શરૂઆત કરાવી.

આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ શુભાશિર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુદેવનું આ સર્વજીવહિતાવહ કાર્ય આજે અનેક લોકોને ભગવાનમાં જોડી રહ્યું છે. ગુરુકુલ પરિવારના દરેક સભ્યોએ ગુરુદેવના આ કાર્યને વેગવંતુ બનાવવા શ્રદ્ધાથી જોડાવું જોઈએ. આજે પૂજ્ય સ્વામી આપણને જે શુભવિચાર આપે એ સાથે લઈને જઈશું અને ગુણાતીતાનંદ સ્વામીની આ પરંપરાને ઉજ્જવળ બનાવવા પ્રયત્ન કરીશું. આગામી સમયે મેમનગર ગુરુકુલ ખાતે સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવા જઈ રહ્યા છીએ તેની તૈયારીઓમાં પણ જોડાઈ ઉત્સવને સફળ બનાવવા પુરુષાર્થ કરવા તૈયાર રહેવું જોઈએ.

પૂજ્ય સ્વામીજીએ સનાતન પરંપરાનું રહસ્ય સમજાવતા કહ્યું કે, આજનો દિવસ ભગવાન વેદવ્યાસને સમર્પિત છે. વ્યાસ ભગવાને વૈદિક પરંપરાનું પોષણ-સંવર્ધન કર્યું છે. ભગવાન શ્રીસ્વામિનારાયણનો સંપ્રદાય એ જ વેદને અનુસરનારો છે. આપણી સંસ્કૃતિ વિરોધાભાસની નહીં, વૈવિધ્યની છે. અહીં વેદને અનુસરીને અનેક પરંપરાઓ ખીલી છે. આપણી ગુણાતીત સંત પરંપરા પણ વેદધર્મને અનુસરીને આપણને પ્રેરણાના પીયૂષ પાઈ રહી છે.

દેશ-પરદેશથી વિશાળ સંખ્યામાં પધારેલા ભક્તજનોએ પ્રત્યક્ષ ગુરુપૂજન કરવાનો લ્હાવો લીધો હતો. સૌના હૃદયની ભાવના પૂર્ણ કરતા એકેએક ભક્તજનોએ સંતો પાસે આવી ફૂલહાર, સાકર-નારિયેળ, સૂકામેવાના હાર વગેરે દ્વારા સદ્‌ગુરુઓનું પૂજન કરી ધન્યતા અનુભવી હતી. અંતે, મહોત્સવના યજમાનોને સંતોએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ ગુરુપૂર્ણિમા મહોત્સવ SGVP ખાતે આધ્યાત્મિકતા અને ભક્તિનો અનેરો સંગમ બન્યો હતો.

બાલ ગુરુપૂર્ણિમા મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ ખાતે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના દિવ્ય સાનિધ્યમાં ભવ્ય બાલ ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સંસ્થાના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ મહોત્સવમાં SGVP ઈન્ટરનેશનલ સ્કૂલના ૨૦૦૦ બાળકો, દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ૨૦૦ બાળકો અને મેમનગર ગુરુકુળના ૧૦૦ બાળકો જોડાયા હતા. આ બાળભક્તોએ પોતાની શ્રદ્ધા અને ભક્તિ પ્રગટ કરવા માટે અનોખી રીતે પૂજન કર્યું હતું. તેમણે ચોકલેટ, બિસ્કિટ, ફૂલ અને અન્ય વસ્તુઓમાંથી જાતે બનાવેલા વિવિધ પ્રકારના હાર દ્વારા પૂજ્ય સ્વામીજી અને સંતોનું પૂજન કર્યું હતું. તેમજ ત્રણ નૃત્યો દ્વારા ગુરુવંદના કરી હતી. આ ગુરુપૂર્ણિમા મહોત્સવનું સૌથી મોટું આકર્ષણ ૧૭ દેશના બાળકો દ્વારા ચાઈનીજ, અરબી, જાપાનીજ, કન્નડ, તેલુગુ, સ્વાહીલી, કાશ્મીરી, મલયાલમ, નેપાળી, લીંગાલા, કોરિયન, સિન્ધી, સ્પેનિસ જેવી ૨૨ ભાષાઓમાં ગુરુવંદના રજૂ કરવામાં આવી હતી. આ અદ્‌ભુત અને વિશિષ્ટ કાર્યક્રમને નિહાળીને ઉપસ્થિત સૌ કોઈ આશ્ચર્યચકિત અને પ્રભાવિત થયા હતા. આ વૈશ્વિક પ્રસ્તુતિએ વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભારતીય સંસ્કૃતિની ભાવનાને જીવંત કરી દીધી હતી.

આ પ્રસંગે પોતાના પ્રવચનમાં પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, ભારત વસુધૈવ કુટુમ્બકમ્‌માં માને છે, ત્યારે આજે આ વાક્ય ચરિતાર્થ થાય છે. SGVP માં ૧૭ દેશના બાળકોએ ૨૨ ભાષામાં જે રીતે પ્રસ્તુતિ કરી છે, એ જોઈને અત્યંત આનંદ થાય છે.

ઉપરાંત, આ બાલ ગુરુપૂર્ણિમા મહોત્સવમાં સંસ્થાના ૫૦૦ જેટલા કર્મચારીઓ પણ જોડાયા હતા. તેમણે પણ વિવિધ હાર-ઉપહારો સાથે પૂજ્ય સ્વામીજીનું પૂજન કરી પોતાની શ્રદ્ધા અર્પણ કરી હતી. આ ઉપરાંત ઋષિકુમારો દ્વારા ગુરુકુલ સંસ્કૃતિ સંવાદ રજુ થયો હતો. બાળકોએ ખીલી અને દોરા દ્વારા તૈયાર થયેલ અદ્‌ભુત ચિત્ર પૂજ્ય સ્વામીજીને અર્પણ કર્યું હતું. સમગ્ર મહોત્સવ ભક્તિ, ઉત્સાહ અને આનંદના વાતાવરણથી ભરપૂર રહ્યો હતો. આ બાલ ગુરુપૂર્ણિમા મહોત્સવે ગુરુ-શિષ્ય પરંપરાના મહત્વ અને વૈશ્વિક એકતાના સંદેશને સુપેરે ઉજાગર કર્યો હતો. આ મહોત્સવનું તમામ સંચાલન બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું.

રીબડા ગુરુકુલ

તા. ૧૩મી જુલાઈ, ૨૦૨૫, રવિવારના રોજ SGVP ગુરુકુલ રીબડા દ્વારા પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીજીના દિવ્ય સાનિધ્યમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે સદ્‌ગુરુ પૂજન અને સત્સંગ સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિ, તેમના દર્શન અને આશીર્વાદનો દિવ્ય લહાવો લેવા માટે બહોળી સંખ્યામાં ભક્ત સમુદાય ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શાસ્ત્રી ભક્તિવેદાંત સ્વામીએ ગુરુપરંપરાનું મહત્વ સવિસ્તર સમજાવ્યું હતું. ત્યારબાદ, ગુરુવર્ય પૂજ્ય સ્વામીજીનું પૂજન સંતો, ટ્રસ્ટી મંડળ તથા રાજકીય અને સામાજિક અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રી નવીનભાઈ દવે, મધુભાઈ દોંગા તથા સામાજિક તેમજ રાજકીય આગેવાનો પણ બહોળી સંખ્યામાં સહભાગી થયા હતા. ઉપરાંત રાજકોટ, ગોંડલ તથા SGVP ગુરુકુલ રીબડાની આસપાસના ૨૦ ગામોના હરિભક્ત ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ દિવ્ય પ્રસંગને ગુરુભક્તિથી માણ્યો હતો.

આ સભાનું સમગ્ર આયોજન રીબડાના સંચાલક શ્રી ધર્મવત્સલદાસજી સ્વામીજીના માર્ગદર્શન નીચે પૂજ્ય હરીનંદનદાસજી સ્વામી પૂજ્ય ઋષિકેશદાસજી સ્વામી વગેરેએ સંભાળ્યું હતું. સાથે સાથે ગુરુકુલના બાળકોએ બાલ ગુરુપૂર્ણિમાનું વિશેષ આયોજન કર્યું હતું તથા નૂતન સંતનિવાસનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી ડાહ્યાભાઈ ભગવાનભાઈ કાછડિયા :- અમદાવાદ નિવાસી શ્રી ડાહ્યાભાઈ કાછડિયા તા, ૨૮ જુન ૨૦૦૫ના રોજ ભગવત્ સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ સાથે સમર્પિતભાવથી જોડાયેલો છે. વિનોદભઆઈ તથા કૌસલની ખૂબ સેવાઓ છે. ડાહ્યાભાઈએ આ પરિવારમાં ખૂબ સારા સંસ્કાર આપ્યા છે. ભગવાન શ્રીહરિ ડાહ્યાભાઈના આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી અર્જુન મનોજભાઈ પટોળિયા :- લંડન નિવાસી તથા ખૂબ સારો સત્સંગી અર્જુન અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં તા. ૧૨ જુન, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. સદાય હસતો યુવાનના અચાનક અક્ષરવાસથી પરિવાર નોધારો થઈ ગયો છે. ભગવાન શ્રીહરિ અર્જુનના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા એમની નાની નાની બે પુત્રીઓને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી રીદ્ધીબેન પ્રશીલભાઈ પાદરિયા :- ગુરુકુલ પરિવારના સેવક પરિવારના સભ્ય શ્રી રીદ્ધીબેન પાદરિયા તા. ૧૨ જુન, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે તથા ગુરુકુલમાં અપાર સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ રીદ્ધીબેનના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

અ.નિ માવજીભાઈ ખેતાભાઈ પટેલ પરિવાર, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રતાપભાઈ જોબનપુત્રા પરિવાર, ન્યુયોર્ક
શ્રી ઈશાબેન સુરેશભાઈ કળથીયા, સુરત
પ.ભ. શ્રી રાજીવ શિવલાલભાઈ રાજપુત, અમદાવાદ
પ.ભ. શ્રી પુનિતકુમાર પ્રવિણભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી વૈભવભાઈ દેસાઈ, અમેરીકા
શ્રી દર્શનાબેન આર. દવે SGVP હોસ્પીટલ, અમદાવાદ
અ.નિ. મુકેશભાઈ નારાયનભાઈ કાછડીયા, અમરેલી
અ.નિ. મુકેશભાઈ મનજીભાઈ સીયાણ, નાઈરોબી
પ.ભ. શ્રી જાદવજીભાઈ મેઘજીભાઈ હિરાણી, નાગલપર
પ.ભ. શ્રી જયેશ માલદેવભાઈ અસ્વાર, જામખંભાળિયા
પ.ભ. શ્રી શિવાંગ જે. રામાણી, અમદાવાદ
શ્રી સત્સંગ સમાજ કેન્યા, હ. નયનાબેન - સાળંગપુર
અ.નિ. સુમીતભાઈ દેવચંદભાઈ સાવલીયા,
હ. વિપુલભાઈ, અમદાવાદ
પ.ભ. શ્રી નિશાંતભાઈ ગુલાબભાઈ માલાણી, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૩/૦૮/૨૫, રવિવાર : **શ્રીહરિ જયંતી** : સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૦૫/૦૮/૨૫, મંગળવાર : **પવિત્રા એકાદશી,**
તા. ૧૬/૦૮/૨૫ : શનિવાર : **જન્માષ્ટમી મહોત્સવ** : રાત્રે ૯:૦૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૧૯/૦૮/૨૫, મંગળવાર : **અજા એકાદશી**
તા. ૨૭/૦૮/૨૫,બુધળવાર : **ગણેશ ચતુર્થી** : સવારે ગણપતિ યાગ - છારોડી ગુરુકુલ, ગણપતિ પૂજન સાંજે ૬:૦૦ કલાકે અમદાવાદ

પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં આયોજિત સત્સંગ સભામાં ઉપસ્થિત સંતો તથા ભક્તજનો - રીબડા ગુરુકુલ

નૂતન સંતનિવાસના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, નવિનભાઈ દવે, મધુભાઈ દોંગા વગેરે ભક્તો - રીબડા ગુરુકુલ

રીબડા ગુરુકુલ ખાતે નેશનલ સ્પોર્ટસ્ સ્કુલનું ઉદ્‌ઘાટન કરતા પૂજ્ય સ્વામીજી તથા મહાનુભાવો. વિદ્યાર્થીઓ સાથે પૂજ્ય સ્વામીજી

પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની જન્મ તિથિ, પૂજ્ય પુરાણી સ્વામીની પુન્ય તિથિ તથા પૂજ્ય મુગટ સ્વામીની પુન્ય તિથિએ આયોજિત સદ્‌ગુરુ વંદના પર્વમાં ઉપસ્થિત પૂજ્ય સંતો તથા ભક્તજનો - અમદાવાદ ગુરુકુલ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2025-2027
Valid Upto 31-12-2027 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at PSO Ahmedabad on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQR/092/2025-2027 valid upto 31-12-2027. Date of Publication is 25th of every month.

ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે ગુરુપૂજન કરવા ઉપસ્થિત સંતો તથા ભક્તજનો - SGVP

બાલ ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે પૂજ્ય સદ્‌ગુરુ સંતોના પૂજનમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ - SGVP

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/– પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/–